# તમારો વિચાર વ્યક્ત કરો ... મતદાન કરીને!

**મતદાન શા માટે?**
એ તમારો અધિકાર છે,
તમારી પસંદગી,
તમારું ભાવિ

### મત આપવા માટે તમે,

- કેનેડાના નાગરિક હો
- ચૂંટણીના દિવસે તમે 18 વર્ષ પૂરા કર્યા હોય
- તમારી ઓળખ અને સરનામાની સાબિતી હોય તે આવશ્યક છે

### મતદાન શા માટે?

લોકશાહીનું સંચાલન મતદાનના આધારે થાય છે. તે વ્દારા તમે કેનેડાની સંસદમાં તમારા પ્રતિનિધિની પસંદગી કરો છો. તમે પસંદગી કરીને તમારા લોકશાહી અધિકારોમાંના એક મતાધિકારનો ઉપયોગ કરો છો.

### ચૂંટણીઓ શા માટે કરવામાં આવે છે?

ચૂંટણીમાં તમે તમારા મતવિસ્તાર (રાઇડીંગ/ઇલેક્ટોરલ ડિસ્ટ્રીક્ટ) માં ઉમેદવાર પસંદ કરીને તેને મત આપો છો. જે ઉમેદવારને સૌથી વધારે મત મળે છે તે સંસદના સભ્ય બને છે. જે રાજકીય પક્ષના સભ્યોની સંખ્યા સૌથી વધારે હોય તે પક્ષની સરકાર રચાય છે.

### તમારા માટે જરૂરી શબ્દોની જાણકારી

**ઇલેક્શન્સ કેનેડા**, ફેડરલ ચૂંટણીઓના સંચાલન માટે સંસદ વ્દારા નિયુક્ત સત્તા મંડળ.

**ઇલેક્ટર** (મત આપનાર), ચૂંટણીના દિવસે ઓછામાં ઓછી 18 વર્ષની ઉંમર ધરાવનાર કેનેડાનો નાગરિક. મતાધિકર ધરાવનાર વ્યક્તિ એટલે ઇલેક્ટર, તેને વોટર પણ કહેવામાં આવે છે.

**કેન્ડિડેટ્સ** (ઉમેદવારો), જેઓ ચૂંટવા ઇચ્છે છે તેવા લોકો.

**વોટર્સ લીસ્ટ**, મત આપવા માટે નોંધાયેલ બધા વ્યક્તિઓની યાદી.

તમને ટપાલ મારફત **વોટર ઇન્ફર્મેશન કાર્ડ** મળશે. તમારું નામ મતદાન યાદીમાં છે તેમજ ક્યાં અને ક્યારે મતદાન કરવાનું છે તેની પુષ્ટિરૂપી આ કાર્ડ છે.

**પોલિંગ સ્ટેશન**, એ સ્થળ જ્યાં તમારે મત આપવા જવાનું છે.

**બેલટ (મતપત્ર)**, મત આપવા માટેનો કાગળ જેમાં તમારા મતવિસ્તારના ઉમેદવારોની યાદી હોય છે.

**ડેપ્યુટી રિટર્નીંગ ઓફિસર**, તમને મતપત્રક આપનાર વ્યક્તિ.

**પોલ ક્લર્ક**, તમે મત આપ્યો છે તે દર્શાવવા તમારા નામ સામે નિશાની કરનાર વ્યક્તિ.

**વોટીંગ સ્ક્રીન**, એ ખાનગી સ્થળ જ્યાં તમે મતપત્રકમાં નિશાની કરી શકો. કેનેડામાં **ગુપ્ત મતદાનની** વ્યવસ્થા છે.

**બેલેટ બોક્સ**, મતપેટી જેમાં તમે નિશાની કરેલ મતપત્રક મૂકી શકો.

## અગત્યનું

**તમે જ્યારે મત આપો ત્યારે તમારી ઓળખ અને સરનામાના પૂરાવા આપવાના રહેશે. આ અંગે તમને ત્રણ વિકલ્પો આપવામાં આવે છે :**

- જેમાં તમારો ફોટો, નામ અને સરનામું હોય તેવું એક ઓળખપત્ર બતાવો. તે સરકારી એજન્સી વ્દારા આપેલું હોવું જોઇએ. જેમકે તમારૂં ડ્રાયવર્સ લાઇસન્સ.

  **અથવા**

- બે અસલ ઓળખપત્રો બતાવો. બન્નેમાં તમારૂં નામ અને એકમાં તમારૂં સરનામું પણ હોવું જોઇએ. જેમકે તમારૂં હેલ્થ-કાર્ડ અને હાઇડ્રો બિલ.

  **અથવા**

- સોગન લેવી અને તમે ઓળખતા હો તેવી મતાધિકાર ધરાવનાર વ્યક્તિની હાજરીમાં તમે એજ વ્યક્તિ છો એવી રજૂઆત કરવી. આવી વ્યક્તિ પાસે અધિકૃત ઓળખપત્ર હોવું જોઇએ અને તે તમારા મતદાન પોલિંગ ડિવિઝનનીજ હોવી જોઇએ. ઉદાહરણ તરીકે તમારા પડોશી અથવા તમારી સાથે રહેનાર (રૂમમેટ). (એક મતદાતા માત્ર એકજ વ્યક્તિની ઓળખની સાક્ષી આપી શકે અને જેણે એકવાર ઓળખ આપી હોય તે બીજી વ્યક્તિ માટે સાક્ષી આપી શકે નહીં.)

| અધિકૃત ઓળખપત્રની યાદી માટે જૂઓ www.elections.ca |
|---|

## તમને તમારૂં વોટર ઇન્ફર્મેશન કાર્ડ મળ્યું છે?

મત આપવા માટે ઇલેકશન્સ કેનેડાના વોટર્સ લીસ્ટમાંજ તમારૂં નામ હોવું જરૂરી છે. જો તમારૂં નામ અને ખરૂં સરનામું મતદાતા યાદીમાંજ હોય તો ચૂંટણી પ્રક્રિયા શરૂ થતાની સાથેજ ટપાલ મારફત તમને વોટર ઇન્ફર્મેશન કાર્ડ મળશે. તે દર્શાવે છે કે તમે નોંધાયેલા મતદાર છો, અને કયાં અને કયારે તમે મત આપી શકશો તે એમંજ દર્શાવવામાં આવે છે.

જો કાર્ડ ઉપર નામ અને સરનામું **બરાબર ન હોય** તો ઇલેકશન્સ કેનેડાના ઓફિસને ફોન કરો. નમ્બર કાર્ડ પાછળ લખેલું છે.

જો તમને તમારો વોટર ઇન્ફર્મેશન કાર્ડ ન મળે, તો ઇલેકશન્સ કેનેડાને 1-800-463-6868 ઉપર ફોન કરો. તેઓ મત આપવા કેવી રીતે રજિસ્ટર કરાવવું તે અંગે માર્ગદર્શન આપશે.

**યોગ્ય ઓળખ સાથે તમે મત આપો, ત્યારે પણ તમે રજિસ્ટર કરાવી શકો છો.**

## મત કેવી રીતે આપવો?

**તમે ત્રણ રીતે મત આપી શકો છો.**

**ચૂંટણીના દિવસે તમે જાતે મત આપી શકો છો**

ચૂંટણીના દિવસે તમે પોલિંગ સ્ટેશને જઇને મત આપી શકો છો. પોલિંગ સ્ટેશનનું સ્થળ અને મતદાન ક્યારે શરૂ થશે તે તમારા વોટર ઇન્ફર્મેશન કાર્ડમાં દર્શાવવામાં આવેલ છે.

**તમે સ્પેશલ બેલેટથી પણ મત આપી શકો**

તમે ટપાલ વ્દારા મત આપવા અથવા સ્થાનિક ઇલેકશન કેનેડાની ઓફિસે જઇને સ્પેશલ બેલેટનો ઉપયોગ કરી શકો છો. આ અંગે વધારે માહિતી માટે ઇલેકશન્સ કેનેડાનો સંપર્ક કરો.

**તમે આગોતરૂં મતદાન (એડવાન્સ પોલ) પણ કરી શકો છો**

તમારા વોટર ઇન્ફર્મેશન કાર્ડમાંથી આગોતરૂં મતદાન કયા સ્થળેથી અને કયા સમયે કરી શકાશે તે અંગેની માહિતી મેળવી શકો છો અથવા ઇલેકશન્સ કેનેડાનો સંપર્ક કરીને પણ તે મેળવી શકાશે.

## પોલિંગ સ્ટેશન ખાતે

ઇન્ફર્મેશન ઓફિસર તમારૂં અભિવાદન કરીને મતદાન માટે તમારે ક્યાં જવાનું છે તે બતાવે છે.

એક ટેબલ ઉપર બે ચૂંટણી અધિકારીઓ હોય છે. ડેપ્યુટિ રિટર્નીંગ ઓફિસર અને પોલ કલાર્ક.

ડેપ્યુટિ રિટર્નીંગ ઓફીસર તમારૂં ઓળખપત્ર અને સરનામું બતાવવાનું કહેશે. જો તમારી પાસે યોગ્ય ઓળખપત્ર ન હોય તો તમે પ્રતિજ્ઞા લઇ શકો અને તમારા મતવિસ્તારમાં નોંધાયેલા અન્ય મતદાતાની સાક્ષીએ નોંધણી કરાવી શકો.

પોલ કલાર્ક - તમારૂં નામ મતદાતા યાદીમાંજ છે કે નહીં તેની ચકાસણી કરે છે. જો યાદીમાં તમારૂં નામ ન હોય તો પણ તમે નોંધણી કરાવી શકો છો.

પોલ કલાર્ક યાદીમાંથી તમારા નામ સામે છેકવાની નિશાની કરે છે.

ડેપ્યુટિ રિટર્નીંગ ઓફીસર તમને ગડીવાળીને મતપત્રક આપે છે. મતપત્રકમાં નિશાની કરવામાં તમને તકલીફ પડતી હોય તો તે તમને મદદરૂપ થાય છે.

તમે વોટિંગ સ્ક્રીન પાછળ જાઓ. તમે કોને મત આપો છો તે કોઇ જોઇ શકશે નહીં.

તમારી પસંદગીના ઉમેદવારના નામની બાજુમાં વર્તુળમાં X નિશાની કરો.

તમારો મત ગુપ્ત રહે તે માટે મતપત્રકની ગડી વાળો.

ગડી વાળેલુ મતપત્રક ડેપ્યુટિ રિટર્નીંગ ઓફીસર પાસે પાછું લઇ જાઓ. તે પટ્ટી (ટેબ) ફાડી નાંખશે.

ડેપ્યુટિ રિટર્નીંગ ઓફીસર મતપેટી (બેલેટ બોક્સ) માંજ મૂકવા માટે તમને મતપત્રક પાછું આપશે.

આ ચોપાનિયું હેરિટેજ અને એબઓરિજીનલ ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.

**વધુ માહિતી માટે જુઓ :**
**www.elections.ca**
**1-800-463-6868**

ટી.ટી.વાય.  બહેરા અને સાંભળવામાં મુશ્કેલી પડતી હોય તેવા લોકો માટે વધારે માહિતી માટે
1-800-361-8935

EC 90227 (08/09)

Elections Canada